# 1. ઈશ્વરની ઓળખાણ

.....

નાનપણથી તમે વાર્તા સાંભળતાં-વાંચતાં આવ્યાં છો. શા માટે તમને એમાં સૌથી વધારે રસ પડે છે ? એ શા માટે સૌથી વધુ લોકપ્રિય સાહિત્યપ્રકાર છે ?

માણસની જિજ્ઞાસાવૃત્તિ બહુ જોરદાર હોય છે એને નવું નવું જાણવામાં, માણવામાં બહુ રસ પડે છે. દાદાજી કે દાદીમા કહે કે ''ચાલો, હું તમને વાર્તા સંભળાવું.'' તો તરત બાળકો તરીકે તમે જ નહીં, તમારાં પપ્પા-મમ્મી પણ ક્યારેક તો બેસી જતાં. રામાયણ, મહાભારત, પંચતંત્ર, હિતોપદેશ, કથાસાહિત્યસાગર, જાતક કથાઓ, જૈન કથાઓ, જૈન વાર્તાઓ, અરેબિયન નાઈટ્સ વાર્તાઓનો ખજાનો માણસજાતની મોટી મિલકત છે.

એમાંય લોકવાર્તાઓની વાત જ ન્યારી. એક હતો ચકો અને એક હતી ચકી. વાર્તા શરૂ કોણે કરી હશે, કોણે લખી હશે આ વાર્તા ? કોઈને કોઈ જીવનપ્રસંગ અસરકારક લાગ્યો, બોધદાયક લાગ્યો, રહસ્યમય લાગ્યો, રસ પડે એવો લાગ્યો કે રચી દીધી વાર્તા. લઈ આવે છગન-મગન, ઈશ્વર-પાર્વતી, વિષ્ણુજી-નારદજી, અકબર-બીરબલ, ચકો-ચકી, સિંહ-ઉંદર, શિયાળ-કાગડો અને કહેવા માંડે વાર્તા. શરત એટલીકે કલ્પના જોઈએ, રસ પડે તે રીતે કહેવાવી જોઈએ. સાંભળનાર-વાંચનાર વિચાર કરતા થઈ જાય, જીવન વિશે જાગ્રત થઈ જાય, 'વાહ, આવું પણ હોય' એમ અનુભવે. લોકવાર્તાનું આ જ સુખ. તેનો કોઈ લેખક ન હોય. પણ કોઈને સૂઝી, કહી ને પછી અનેકોએ એને પોતપોતાની રીતે સુધારી, વધારી, મઠારીને કહી અથવા લખી.

ગુજરાતીમાં સ્વ.ઝવેરચંદ મેઘાણીએ આવી અનેક લોકવાર્તાઓને ભેગી કરી, મઠારીને પ્રગટ કરી છે.

અકબર-બિરબલની વાતો જાણીતી છે. એ જાણીતી વાર્તાઓમાંની એક તમારે માટે સંપાદકોએ ફરીથી લખીને અહીં રજૂ કરી છે.

---

એક વખત અકબર બાદશાહ તેમના દરબારીઓ સાથે નગરમાં ફરવા નીકળ્યા. તેઓ પોતાની સુખી પ્રજાની જાહોજલાલી જોઈને ખુશ થતા હતા. પરંતુ સાંજે પાછા ફર્યા ત્યાં સુધીમાં તે ઊંડા વિચારમાં ખોવાઈ ગયા હતા. બીજા કોઈ દરબારીની તો હિંમત ન થઈ, પણ તેમના માનીતા દરબારી બિરબલથી ન રહેવાયું. એમણે પૂછ્યું : ''બાદશાહ સલામત ! આપ જ્યારે નગરમાં ફરતા હતા ત્યારે તો આપ ખુશ દેખાતા હતા. પણ હવે કોઈ ગહન વિચારમાં ડૂબી ગયા હો તેમ લાગે છે. શું કોઈનાથી કોઈ બેઅદબી થઈ ગઈ ? આપે એવું કશું જોયું જેનાથી આપ ઉદાસ થઈ ગયા છો ?''

અકબર બાદશાહે વિચારભરી મુદ્રાથી બીરબલ સામે જોયું, તેમણે કહ્યું કે, ''બિરબલ, હું ઉદાસ નથી. મારી પ્રજાના સુખે હું સુખી જ છું. પણ નગરચર્યા દરમિયાન મેં મંદિરો પણ જોયાં અને મસ્જિદો પણ જોઈ. મને એમ વિચાર આવે છે કે ખરેખર ખુદા - ઈશ્વર રહેતો ક્યાં હશે ? એનાં દર્શન - દીદાર આપણને થઈ શકે ?'' સહુ દરબારીઓ ચૂપચાપ સાંભળી રહ્યા. બીરબલ પણ ચૂપ હતો. અકબરે બિરબલને પૂછ્યું, ''તું મને કાયમ મારા પ્રશ્નોના ઉત્તર આપતો હોય છે. તું મને મારા આ સવાલનો જવાબ નહીં આપે ?'' બિરબલે કહ્યું, ''જહાંપનાહ મને થોડો સમય આપો'', અકબરે બિરબલને અઠવાડિયાની મહેતલ આપી.

બિરબલે જવાબ શોધવાનો પ્રયત્ન કર્યો. પણ કાંઈ સમજાતું ન હતું. દિવસ પર દિવસ થઈ રહ્યા હતા. પોતે બાદશાહને શું કહે, શું સમજાવે - બીરબલ પણ મુઝાઈ ગયો હતો. છઠ્ઠા દિવસે ગુમસુમ બિરબલ પોતાની અગાસીમાં બેઠો હતો. બિરબલનાં બાળકો પોતાના હસમુખ, ઝીંદાદિલ પિતાને ગુમસુમ જોઈને ચિંતિત હતાં. છેવટે બિરબલના દીકરાથી ન રહેવાયું. તેણે બિરબલને પૂછ્યું, ''પિતાજી ! આપ તો દરેક સમસ્યાનો હલ કાઢવા ટેવાયેલા છો. કોઈ પ્રજાજનને સમસ્યા હોય કે બાદશાહ સલામતને, તેઓ આપની સલાહને અનુસરે છે. તો આપ પોતે કેમ આટલા બધા ચિંતત છો ? શું આપને કોઈ સમસ્યા સતાવી રહી છે ? કે આપને કોઈ આફતનાં એંધાણ દેખાઈ રહ્યાં છે ?'' બિરબલે પોતાનાં વહાલાં બાળકો સામે નેહનીતરતી આંખે જોયું. બિરબલ પોતાનાં બાળકો સાથે હમેશા ખુલ્લા મનથી વાતો કરતો. તેણે અકબર બાદશાહના પ્રશ્નો વિશે બાળકોને જણાવ્યું. બાળકો પણ વિચારમાં પડ્યા.

અચાનક એના દીકરાએ કહ્યું, ''પિતાજી ! આપ નિશ્રિત થઈ જાવ. કાલે આપ દરબારમાં જાવ ત્યારે મને સાથે લેતા જજો. આ પ્રશ્નોના ઉત્તર હું આપીશ.'' બિરબલને પોતાનાં સંતાનોની બુદ્ધિ અને સમજદારી પર વિશ્વાસ હતો. તે થોડો નિશ્ચિંત થયો. પણ પુત્ર દરબારમાં શું કરશે, તે વિશે તેને કુતૂહલ અને ચિંતા બંને હતાં.

આપેલી મુદત પૂરી થતાં, બીજા દિવસે બિરબલ પોતાના દીકરા સાથે દરબારમાં ગયો. બાદશાહે ઉત્સુકતાભરી નજરે બીરબલ સામે જોયું. બિરબલે કહ્યું, ''હજૂરે આલા ! આ પ્રશ્નોના ઉત્તર મારો દીકરો આપશે.'' બાદશાહને નવાઈ લાગી. તેમણે બિરબલના દીકરા સામે જોયું. બિરબલનો દીકરો દરબાર નિહાળી રહ્યો હતો. બાદશાહે તેને પૂછ્યું કે ''શું તું મારા સવાલના જવાબ આપીશ ?''

બિરબલના દીકરાએ આશ્ચર્યથી બાદશાહ સામે જોયું અને કહ્યું, ''બાદશાહ સલામત ! સામાન્ય પ્રજાજન પણ પોતાને ત્યાં આવેલા અતિથિનો સત્કાર કરતો હોય છે. શું આપના દરબારમાં મહેમાનનવાજીનો રિવાજ નથી ?'' બાદશાહ થોડો છોભીલો પડી ગયો. એને પોતાની અધીરાઈની શરમ આવી. તેમણે તરત જ બિરબલના દીકરાને પૂછ્યું કે ''તું શું લઈશ ?'' તેણે કહ્યું, ''મહારાજ ! હું તો નાનકડો બાળક છું. મને દૂધ ચાલશે.'' અકબર બાદશાહે તરત જ સેવકને દૂધ હાજર કરવા હુકમ કર્યો. દૂધનો કટોરો આવ્યો. બિરબલના દીકરાએ દૂધ પીધું. પણ તેનું મોં બગડી ગયું. અકબર બાદશાહે તરત પૂછ્યું કે ''શું થયું ?'' ''દૂધ મોળું છે !'' દીકરાએ જવાબ આપ્યો. બાદશાહે તરત જ દૂધમાં સાકર નાંખવાનો હુકમ કર્યો. સેવક કટોરો લઈ ગયો અને દૂધમાં સાકર નાંખીને લઈ આવ્યો. દીકરો દૂધમાં ચમચી હલાવીને કાંઈક શોધવા લાગ્યો. બાદશાહને નવાઈ લાગી. તેમણે પૂછ્યું, ''તું શું કરે છે ? શું શોધે છે ?'' દીકરાએ કહ્યું, ''તમે સાકર નાખવાનું કહ્યું હતું ને ! હું એ સાકર શોધું છું'' અકબર બાદશાહને હસવું આવ્યું. એમણે કહ્યું, ''બેટા ! એમ સાકર નહીં દેખાય. પણ તું દૂધ પી, તને મીઠું લાગશે.'' દીકરો હસ્યો. કહે, ''બાદશાહ સલામત ! આપના પ્રશ્નોના જવાબ તો આપે જ આપી દીધા.'' અકબર બાદશાહને કાંઈ સમજાયું નહીં. દૂધને અને ઈશ્વરને શું લેવા દેવા ?

દીકરાએ કહ્યું કે ''સાકર નાંખેલા દૂધનો એક ઘૂંટડો મીઠો લાગે કારણ કે દૂધના ટીપેટીપામાં સાકર ભળેલી છે. એ જ રીતે જગતના કણેકણમાં ઈશ્વર - ખુદા વસેલો છે. વળી, તમે શોધો તો સાકર દેખાતી નથી. પણ તમે દૂધ પીઓ તો તમને એની મીઠાશ અનુભવાય છે. તે જ રીતે તમે શોધશો તો ઈશ્વર દેખાશે નહીં પણ તમારા જીવનમાં તમને એની કૃપાની મીઠાશનો અનુભવ ચોક્કસ થતો હશે.''

બાદશાહ તો એની સામે જ જોઈ રહ્યો. આટલો નાનો છોકરો અને આટલી સમજણ ! ધર્મનું ગહન સત્ય એણે કેટલા સાદા દૃષ્ટાંતથી સમજાવી દીધું ! આખરે તો બિરબલનો દીકરો ને ! મોરનાં ઈંડાંને કાંઈ ચીતરવાં પડે ?

## ટિપ્પણ

**જાહોજલાલી** - વૈભવ **ગહન** - ન સમજી શકાય તેવું **બેઅદબી** - અવિવેક **મુદ્રા** - મુખાકૃતિ, ચહેરાનો દેખાવ **નગરચર્યા** - નગરમાં ફરવું **દીદાર** - દર્શન **મહેતલ** - મુદત **ગુમસુમ** - ગુપચુપ, ઉદાસ **એંધાણ** - સંકેત, નિશાની **નેહ** - સ્નેહ, પ્રેમ **નિશ્ચિંત** - ચિંતા વિનાનું **કુતૂહલ** - જાણવાની ઈચ્છા **મહેમાનનવાજી** - મહેમાનગતિ, મહેમાનોને આવકારવા તે **કટોરો** - વાડકો

## રૂઢિપ્રયોગ

**ખુલ્લા મનથી વાતો કરવી** - નિખાલસતાથી વાત કરવી

**છોભીલા પડી જવું** - શરમિંદા થઈ જવું

## કહેવત

**મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે** - મા બાપનાં લક્ષણો કુદરતી જ સંતાનોમાં ઊતરી આવે.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. બિરબલ બાદશાહને શું કહેતો રહેતો હતો. ?
2. બિરબલને ચિંતિત જોઈને તેનો દીકરો શું કહે છે ?
3. બાદશાહે બાળક માટે શું લાવવાનો આદેશ કર્યો ?
4. દૂધનો કટોરો જોઈને બાળક કયો પ્રશ્ન કરે છે ?
5. આપણને ઈશ્વરનાં દર્શન ક્યારે થઈ શકે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. બિરબલ શા માટે ચિંતિત બન્યો હતો ?
2. ભારતીય સંસ્કૃતિ વિશે બિરબલનો દીકરો શું માને છે ?
3. દૂધનો કટોરો લઈને બાળક શું કરે છે ?
4. સાકર વિશે બાદશાહ બાળકને શું સમજાવે છે. ?

**પ્રશ્ન 3. કારણ આપો.**

1. બાદશાહે કટોરામાં દૂધ મગાવ્યું કારણ કે...
2. અકબરે બાળકને ઈનામ આપ્યું કારણ કે...

**પ્રશ્ન 4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. બિરબલ કરતાં બાળક વધુ બુદ્ધિશાળી હતો એવું શાના આધારે કહી શકાય ?
2. ભારતીય સંસ્કૃતિ વિશે તમે શું માનો છો તે લખો.
3. ઈશ્વર પ્રાપ્તિ અંગે તમારા વિચારોનું આલેખન કરો.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

વિદ્વાન, પ્રશ્ન, સાકર, ઈનામ

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ચિંતિત, કઠિન, બાળક, જ્ઞાન

**આટલું કરો**

1. હાવભાવ અને આરોહ-અવરોહ સાથે આ વાર્તા તમારાં ભાઈ-બહેનને કહો.
2. શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ વાર્તાને નાટકરૂપે ભજવો.
3. બિરબલની યુક્તિનું વર્ણન કરતી કોઈ એક વાર્તા સુંદર અક્ષરે લખીને નોટીસબોર્ડ પર રજૂ કરો.

•

**વ્યાકરણ**

## જોડણી

મિત્રો, તમે જાણો છો કે ભાષા માટે યોગ્ય જોડણી કેટલી મહત્ત્વની છે. એકના બદલે અન્ય જોડણી લખાઈ જાય તો શબ્દનો અર્થ અને તેથી વાક્યનો પણ અર્થ બદલાઈ જાય. નીચેનાં વાક્યો વાંચો.

૧. ક. એક દિન હરિની આંખોમાં આંસુડાં મેં જોયાં.

૧. ખ. એક દીન હરિની આંખોમાં આંસુડાં મેં જોયાં.

૨. ક. અમેરિકાને અન્ય દેશોને શસ્ત્રો વેચવામાં રસ છે.

૨. ખ. અમેરિકાને અન્ય દેશોને શાસ્ત્રો વેચવામાં રસ છે.

૩. ક. બારી બંધ રાખજો, નહિતર કાગળો ઉડશે.

૩. ખ. બારી બંધ રાખજો, નહિતર કાગડો ઉડશે.

સાચી જોડણી લખવા માટે હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ, ઉ-ઊ' હોય કે 'ઠ-ઢ' હોય, 'ળ-ર' હોય કે 'ધ-ઘ' હોય, અનુસ્વાર હોય કે ન હોય - આવી અનેક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી હોય છે. પાઠ્યપુસ્તક સંદર્ભે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક મહત્ત્વની જોડણી નીચે આપેલી છે.

| | | | | |
|---|---|---|---|---|
| અતિથિ | અવળું | અંજલિ | ઉજાણી | ઉદ્યાન |
| ઉંબી ઊઁઘણશી | કુટિલતા | કુતૂહલ | ક્રીડાંગણ | |
| ગિરિધર | ચિંતિત | ઠોઠ | ત્રિભુવનભૂપ | નિરાશા |
| નિર્મળ | નિશાળ | પરીક્ષા | પશ્ચિમ | પાઘડી |
| પ્રીતિ | મંદિર | રાહદારી | વાણિયો | વિધર્મી |
| વિશ્વાસ | વિસ્મય | વીરાંગના | શિયાળો | શિષ્ય |
| શિષ્યવૃત્તિ | સહાનુભૂતિ | સારંગપાણિ | સૂરજ | હરિદ્વાર |
| હાંસિયો | | | | |

આ અને આવી જોડણી ધ્યાનમાં રાખો.